# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 22-10-2025** **MIDDAY: 1.20 TO 1.30**

**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **સોનલ પરમાર** વાંચે છે.

******************************************************

1. ગૃહ મંત્રાલયની ઉચ્ચ સ્તરીય સમિતિની નવી દિલ્હીમાં વિવિધ મુદ્દાઓ પર લદ્દાખના નેતાઓ સાથે વાતચીત
2. બિહાર વિધાનસભાની ચૂંટણી પહેલા, મતદારોને આકર્ષવા રાજકીય પક્ષોના અનેક વચનો
3. વૈશ્વિક વન સંસાધન આંકલન 2025 માં ભારત ટોચના 9 દેશોમાં સામેલ
4. ભારતીય નૌકાદળની દ્વિવાર્ષિક કમાન્ડર્સ પરિષદ 2025ની બીજી આવૃત્તિ આજે નવી દિલ્હીમાં શરૂ થઈ
5. આજે ઉત્તર કોરિયાએ ટૂંકા અંતરની અનેક બેલિસ્ટિક મિસાઇલો છોડી
6. બંગાળની ખાડી પર રચાયેલુ લો પ્રેશર, ડિપ્રેશનમાં રૂપાંતર થવાની સંભાવના

.............................................................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# LADAKH TALKS

કેન્દ્રીય ગૃહ મંત્રાલયની ઉચ્ચ સ્તરીય સમિતિ નવી દિલ્હીમાં વિવિધ મુદ્દાઓ પર લદ્દાખના નેતાઓ સાથે વાતચીત કરી રહી છે. ગયા મહિને કેન્દ્રશાસિત પ્રદેશમાં થયેલી હિંસા પછી મુખ્ય મુદ્દાઓ પર આ પ્રથમ ઔપચારિક વાતચીત છે. ગૃહ મંત્રાલયની લદ્દાખ પરની ઉચ્ચ સ્તરીય સમિતિ દ્વારા સર્વોચ્ચ સંસ્થા લેહ , એબીએલ અને કારગિલ ડેમોક્રેટિક એલાયન્સ - **KDA** સાથે એક સંવાદ પદ્ધતિ સ્થાપિત કરવામાં આવી છે.

અમારા લેહ સંવાદદાતાના અહેવાલ મુજબ , લદ્દાખનું પ્રતિનિધિમંડળ મુખ્ય માંગણીઓ રજૂ કરે તેવી શક્યતા છે , જેમાં રાજ્યનો દરજ્જો અને છઠ્ઠી અનુસૂચિમાં લદ્દાખનો સમાવેશ સહિતની માગ સામેલ છે.

# BIHAR ELECTION

બિહાર વિધાનસભા ચૂંટણી પહેલા , શાસક અને વિપક્ષ બંને પક્ષો મતદારોને આકર્ષવા માટે અનેક વચનો આપી રહ્યા છે. રાષ્ટ્રીય જનતા દળ- **RJD** ના નેતા તેજસ્વી પ્રસાદ યાદવે એક ચૂંટણી વચન આપતા કહ્યું કે જો મહાગઠબંધન સત્તામાં આવશે તો તમામ જીવિકા દીદી , આજીવિકા સ્વ-સહાય જૂથો સાથે સંકળાયેલી મહિલાઓ અને કરાર આધારિત કર્મચારીઓને કાયમી સરકારી નોકરીઓ આપવામાં આવશે. આ જાહેરાત મહાગઠબંધન સંયુક્ત ચૂંટણી ઢંઢેરો બહાર પાડતા પહેલા કરવામાં આવી હતી.

બીજી તરફ, ભારતીય જનતા પાર્ટીએ ભારપૂર્વક જણાવ્યું છે કે જો **NDA** સત્તામાં પાછું આવશે, તો રાજ્યમાં વિકાસની ગતિ વધુ ઝડપી બનશે. ભાજપના પ્રદેશ

પ્રમુખ ડૉ. દિલીપ જયસ્વાલે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે બિહારના લોકો વિધાનસભા ચૂંટણીમાં NDAને ફરી એકવાર સ્પષ્ટ બહુમતી આપશે.

## PREZ - KERALA VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ આજે કેરળના સબરીમાલા પહાડી મંદિરની મુલાકાત લેશે. રાષ્ટ્રપતિ ગઈકાલે સાંજે તિરુવનંતપુરમ પહોંચ્યા હતા. કેરળના રાજ્યપાલ રાજેન્દ્ર વિશ્વનાથ આર્લેકરકર , મુખ્યમંત્રી પિનરાયી વિજયન , કેન્દ્રીય મંત્રી જ્યોર્જ કુરિયન અને અન્ય વરિષ્ઠ મહાનુભાવોએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. રાષ્ટ્રપતિની મુલાકાત માટે સબરીમાલા અને બેઝ કેમ્પ બંને પર કડક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

## PM-HM BIRTHDAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને તેમના જન્મદિવસ પર શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું કે શ્રી શાહ જાહેર સેવા પ્રત્યેના તેમના સમર્પણ અને મહેનતુ સ્વભાવ માટે વ્યાપકપણે પ્રશંસનીય છે. પ્રધાનમંત્રીએ કહ્યું કે ગૃહમંત્રીએ ભારતની આંતરિક સુરક્ષા વ્યવસ્થાને મજબૂત બનાવવા અને દરેક ભારતીય સલામતી અને ગૌરવપૂર્ણ જીવન જીવે તે સુનિશ્ચિત કરવા માટે પ્રશંસનીય પ્રયાસો કર્યા છે. શ્રી મોદીએ શ્રી શાહના લાંબા અને સ્વસ્થ જીવન માટે પ્રાર્થના કરી.

## PM-TRUMP DIWALI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે દિવાળીની શુભેચ્છાઓ પાઠવવા બદલ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પનો આભાર માન્યો. સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ ભારત અને અમેરિકાની ભાગીદારીની સ્થાયી મજબૂતાઈ પર ભાર મૂક્યો. તેમણે કહ્યું કે , પ્રકાશના આ તહેવાર પર , બે મહાન લોકશાહીઓ આશાથી

વિશ્વને પ્રકાશિત કરતા રહે અને તેના તમામ સ્વરૂપોમાં આતંકવાદ સામે એકતાથી ઉભા રહે.

## PM MANN KI BAAT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આ મહિનાની 26 તારીખે આકાશવાણી પરથી પ્રસારિત થનારા "મન કી બાત" કાર્યક્રમમાં દેશ-વિદેશના લોકો સમક્ષ પોતાના વિચાર રજૂ કરશે. માસિક રેડિઓ કાર્યક્રમની આ 127-મી કડી હશે.આ માટે લોકો પોતાના મંતવ્યો ટૉલ ફ્રી નંબર 1800—11—7800 પર તેમજ નરેન્દ્ર મોદી ઍપ્લિકેશન અને માય GOV ઑપન ફોરમના માધ્યમથી ઑનલાઈન મોકલી શકે છે.આ મહિનાની 24 તારીખ સુધી આ મંતવ્ય મોકલી શકાશે.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી YOUTUBE ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ NEWSONAIR.GOV.IN/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

## GST REFORMS- LADAKH

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેર કરેલ અને 22 સપ્ટેમ્બરથી શરૂ કરાયેલ GST બચત ઉત્સવ, સમાજના તમામ વર્ગના લોકોને લાભ આપી રહ્યો છે. આજે ,

લદ્દાખના અર્થતંત્રને વેગ આપનારા GST સુધારાઓ પર અમારા સંવાદદાતાનો અહેવાલ સાંભળીએ.

**V/C – SHIVANG**

## INDIA- FOREST AREA

ભારતે વિશ્વના કુલ વન વિસ્તારમાં નવમા ક્રમે રહીને વૈશ્વિક પર્યાવરણીય સંરક્ષણમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ હાંસલ કરી છે.

ઇન્ડોનેશિયાના બાલીમાં ખાદ્ય અને કૃષિ સંગઠન સંસ્થા દ્વારા જાહેર કરાયેલ વૈશ્વિક વન સંસાધન આંકલન 2025 માં આ માહિતી નોંધવામાં આવી હતી. પર્યાવરણ મંત્રી ભૂપેન્દ્ર યાદવે જણાવ્યું હતું કે અગાઉના મૂલ્યાંકનમાં દસમા સ્થાનથી તાજેતરના મૂલ્યાંકનમાં નવમા સ્થાન પર આગળ વધવું એ એક મોટી સિદ્ધિ છે. આ પ્રગતિ વન સંરક્ષણ , વનીકરણ અને સમુદાયના પ્રયાસો દ્વારા પર્યાવરણીય સંરક્ષણ તરફ સરકારની નીતિઓ અને કાર્યક્રમોની સફળતાને રેખાંકિત કરે છે.

## DAY-NAVY COMMANDER CONFERENCE

ભારતીય નૌકાદળના દ્વિવાર્ષિક કમાન્ડર્સ પરિષદ 2025ની બીજી આવૃત્તિ આજે નવી દિલ્હીમાં શરૂ થઈ. ઓપરેશન સિંદૂર અને નૌકાદળના અભિયાનો અને લડાઇ તૈયારીઓ વચ્ચે આ ત્રણ દિવસીય પરિષદ વધુ મહત્વપૂર્ણ બની રહી છે. આ પરિષદ રાષ્ટ્રીય નેતૃત્વ અને અમલદારો સાથે ગાઢ વાર્તાલાપ માટે એક મંચ તરીકે કામ કરે છે , અને વર્તમાન ભૂ-વ્યૂહાત્મક વાતાવરણમાં બહુ-પરિમાણીય પડકારોને ઘટાડવા માટે નૌકાદળના દૃષ્ટિકોણને સુવ્યવસ્થિત કરે છે.

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ આવતીકાલે નૌકાદળના કમાન્ડરોને સંબોધિત કરશે અને વિકસિત ભારત 2047 માટેનો રોડમેપ રજૂ કરશે. નૌકાદળના વડા , કમાન્ડર-ઇન-ચીફ સાથે, હિંદ મહાસાગરમાં સુરક્ષા પરિસ્થિતિ સંબંધિત યોજનાઓની સમીક્ષા કરશે.

## N KOREA- BALLISTIC MISSILE

દક્ષિણ કોરિયામાં એશિયા-પેસિફિક ઇકોનોમિક કોઓપરેશન- APEC સમિટ અને યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાતના થોડા દિવસ અગાઉ , આજે ઉત્તર કોરિયાએ ટૂંકા અંતરની અનેક બેલિસ્ટિક મિસાઇલો છોડી. દક્ષિણ કોરિયાના સંયુક્ત ચીફ ઓફ સ્ટાફે જણાવ્યું હતું કે મિસાઇલો ઉત્તર હવાંગે પ્રાંતના જુંઘવાથી છોડવામાં આવી હતી અને લગભગ 350 કિલોમીટર ઉડાન ભરી હતી.

## JD VANCE ISRAEL HAMAS

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જે.ડી. વાન્સે ઇઝરાયલને કહ્યું છે કે જો હમાસ નિઃશસ્ત્રીકરણનો ઇનકાર કરે તો તેનો નાશ કરવામાં આવશે , પરંતુ જો હમાસ સહયોગ કરે તો લડવૈયાઓને બચાવી શકાય છે. તેમણે કહ્યું કે ગાઝામાં વિદેશી સૈનિકો મૂકવાનો કોઈપણ નિર્ણય ઇઝરાયલે લેવાનો છે , જોકે નોંધ્યું હતું કે તુર્કી ભૂમિકા ભજવી શકે છે.

શ્રી વાન્સ ગઈકાલે ઇઝરાયલ પહોંચ્યા હતા અને પ્રધાનમંત્રી નેતન્યાહૂ સહિત અનેક નેતાઓ સાથે મુલાકાત કરશે. તેમની મુલાકાત અમેરિકી રાજદૂતો સ્ટીવ વિટકોફ અને જેરેડ કુશનરની મુલાકાતો પછી થઈ છે.

## IMD - DEPRESSION

હવામાન વિભાગે જણાવ્યું , બંગાળની ખાડી પર રચાયેલા લો પ્રેશર ક્ષેત્રનું ડિપ્રેશનમાં રૂપાંતર થવાની સંભાવના છે. તમિલનાડુ , પુડુચેરી અને ઉત્તર આંધ્રપ્રદેશ માટે ભારે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. તમિલનાડુમાં , ભારે વરસાદને કારણે ચેન્નાઈ, ચેંગલપટ્ટુ અને કાંચીપુરમની શાળાઓમાં રજા જાહેર કરાઇ છે.

## CHINA-TYPHOON

ચીનની રાષ્ટ્રીય વેધશાળાએ વાવાઝોડા ફેંગશેન માટે યેલો ચેતવણી જારી કરી છે.રાષ્ટ્રીય હવામાન કેન્દ્ર - **NMC** અનુસાર, ફેંગશેન આજે સવારે દક્ષિણ ચીન સમુદ્રમાં યોંગશિંગ દાઓથી લગભગ **170** કિલોમીટર પશ્ચિમ-ઉત્તરપશ્ચિમમાં સ્થિત હતું, જેમાં પ્રતિ સેકન્ડ **33** મીટરની ઝડપે પવન ફૂંકાઈ રહ્યો હતો. આ વાવાઝોડું **10** કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દક્ષિણ -પશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને ધીમે ધીમે નબળું પડવાની ધારણા છે. હૈનાન અને તાઇવાનના કેટલાક ભાગોમાં ભારે વરસાદની શક્યતા છે.

ફેંગશેન આવતીકાલે ઉષ્ણકટિબંધીય વાવાઝોડા તરીકે મધ્ય વિયેતનામમાં લેન્ડફોલ કરે તેવી શક્યતા છે, જેના કારણે ભૂસ્ખલન અને અચાનક પૂરની શક્યતા છે.